(૧૦૦-/ના નોન જ્યુડિસિયલ સ્ટેમ્પ પેપર)

**સૂર્યશક્તિ કિસાન યોજના (સ્કાય/SKY ) યોજના હેઠળ જોડાયેલ ગ્રાહક ખેડુત અને વીજ વિતરણ કંપની વચ્ચે વીજ ગ્રીડ જોડાણ બાબતે દ્વિપક્ષિય કરાર.**

ગુજરાત સરકારશ્રી ના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક SLR/11/2016/2284/B1 તા: ૨૭/૦૬/૨૦૧૮ (તેમજ વખતો વખતના સુધારા સહીત) થી રાજ્યના ખેડૂતોના લાભાર્થે, બિનપરંપરાગત ક્ષેત્રે ઉર્જા વપરાશ વધારવા, ઉત્તેજન આપવા અને ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી મળી રહે તે હેતુથી સૂર્યશક્તિ કિસાન યોજના (સ્કાય)/(SKY) જાહેર કરેલ છે. આ યોજના અંતર્ગત ખેડૂતો સૌર ઉર્જા ઉત્પાદિત કરી પોતાના માટે વપરાશ કરી જે વીજળી બચે તે ગ્રીડમાં વેચી શકશે. આ ઉપરાંત ગ્રીડના સપોર્ટ સાથે દિવસ દરમિયાન આશરે બાર કલાક સુધી વીજ પુરવઠો મળી શકશે તેમજ વીજળી જ્યાં ઉત્પાદિત થાય ત્યાં જ ખેડૂત તેનો ઉપયોગ કરી શકશે. હવે પછી આ કરારમાં સૂર્યશક્તિ કિસાન યોજના (સ્કાય)/(SKY) ને "SKY યોજના" કે "યોજના" તરીકે ઉલ્લેખ કરવામાં આવશે.

આથી, સદર યોજનાની અમલવારી અંતર્ગત પ્રથમ પક્ષકાર (ગ્રાહક ખેડુત) અને બીજા પક્ષકાર (વીજ વિતરણ કંપની) વચ્ચે સૌર ઉર્જા સંચાલિત સિસ્ટમના વીજ ગ્રીડ જોડાણ માટે નીચે મુજબ **"દ્વિપક્ષિય કરાર "**કરવામાં આવે છે.

**<u>પ્રથમ પક્ષકાર</u>**

શ્રી/શ્રીમતી..................................................................................... ખેતી વિષયક વીજ ગ્રાહક, ઉંમર વર્ષ......... ખેતર સર્વેનં .............ગામ.................. તાલુકો ..................જિલ્લો .................ગ્રાહક નંબર ............................................ તથા કરારીત વીજ ભાર ..........................ની 'સ્કાય યોજના' માં જોડાવાની અરજી મંજુર કરવામાં આવેલ હોય જેમને હવે પછી આ કરાર માં "પ્રથમ પક્ષકાર" કે "ખેડુત" કે "લાભાર્થી" કે "ગ્રાહક" કે "અરજદાર" કે "સ્કાય-ગ્રાહક" એ રીતે સંબોધવામાં આવશે, જેના અર્થમાં તેમના વંશ, વાલી, વારસો ઇત્યાદિનો સમાવેશ થાય છે.

અને

**<u>બીજાપક્ષકાર</u>**

.....................ગુજરાત વીજ કંપની લીમીટેડ, કંપની ધારા ૧૯૫૬ હેઠળ નોંધાયેલ કંપની કે જેની રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ .................... મુકામે આવેલ છે જેમાં તેના વારસો અને અનુગામીઓનો સમાવેશ થાય છે. તેઓનુ પ્રતિનિધિત્વ ..................................પેટા વિભાગીય કચેરી દ્વારા કરવામાં આવશે. હવે પછી આ કરારમા "બીજા પક્ષકાર" કે "કંપની" કે "વીજ કંપની" કે "વીજ વિતરણ કંપની" કે "ડીસ્કોમ "એ રીતે સંબોધવામાં આવશે.

આથી અમો ઉપરોકત બંને પક્ષકારો વચ્ચે અરસ-પરસની સમજુતી મુજબ **તારીખ .......................ના રોજ ....................... મુકામે** કોઇપણ પ્રકારના દાબ, દબાણ કે ધમકીને વશ થયા વગર પુરા હોંશોહવાશમાં **<u>નીચે જણાવેલ શરતો મુજબ</u>** કરાર કરવામાં આવે છે.

1. આ યોજનાનું અમલીકરણ ..............................ગુજરાત વીજ કંપની દ્વારા કરવામાં આવશે.

2. સદર યોજના અંતર્ગત 11 કેવી ............................................ખેતીવિષયક ફીડર ઉપરના ખેતીવિષયક પ્રથમ પક્ષકાર વીજ ગ્રાહક શ્રી /શ્રીમતી ........................................................................................, ગ્રાહકનંબર....................................................,ગામ..........................................., ખેતર સર્વેનં ................. એ તારીખ...................................ના રોજ આ યોજનામાં જોડાવા નોંધણી કરાવેલ છે.

3. અરજદાર/ખેડુત (પ્રથમ પક્ષકાર) પોતાના માલિકીની ખેતીની જમીન ઉપર સોલાર સિસ્ટમ લગાવવા વીજ કંપનીને (બીજા પક્ષકારને) અરજી નોંધાવેલ છે તથા તે સાથે જરુરી દસ્તાવેજ અને પુરાવા બિડેલ છે તથા આ અંતર્ગત પ્રથમતબકકે રકમ રૂ.___________________ રસીદ નંબર ......................................... તારીખ...................................થી ભરપાઈ કરેલ છે.

4. સૂર્યશક્તિ કિસાન યોજના અંતર્ગત વીજ કંપની (બીજા પક્ષકાર) દ્વારા લાભાર્થી ખેડૂત (પ્રથમ પક્ષકાર) દ્વારા કરેલ અરજી મુજબ, વીજ કંપનીના નિયમોનુસર અને યોજનાની શરતો મુજબ, ખેડૂતના કરારીત .............હો.પા. માટે મળવાપાત્ર તાંત્રિક રીતે નજીકની ઉપલબ્ધ ક્ષમતાના ઇનવર્ટર .................KWAC (Inverter) capacity/ ક્ષમતા અનુસાર ..................KWDC (PV Module) capacity/ ક્ષમતાની સૌર ફોટોવોલેટીક (SPV) સિસ્ટમ ખેડૂતના ખેતરમાં સ્થાપિત કરી આપવામાં આવશે.

5. સદર યોજના અંતર્ગત ગ્રાહકે **<u>(પ્રથમ પક્ષકારે)</u>** પોતાના ખેતરમાં સ્કાયયોજના હેઠળ સોલાર પીવી પ્લાન્ટ સ્થાપિત કરવા સોલાર પીવી સિસ્ટમની લાગુ પડતી ક્ષમતા મુજબ સ્થાપિત કરવાના કુલ ખર્ચના ૫% રકમ પ્રથમ તબકકે ભરવાની રહેશે જ્યારે બાકીની રકમની વ્યવસ્થા કેન્દ્ર સરકારની

સબસિડી/ રાજ્યસરકારની EBI (Evacuation Based Incentive)/ ખેડૂત વતી રાજ્ય સરકાર દ્વારા નાબાર્ડ (NABARD) કે બીજી કોઈ નાણાકીય સંસ્થા પાસેથી  લોન દ્વારા નીચે મુજબ કરવામાં આવશે.

a) કેપિટલ સબસિડી રૂપે ૩૦ % રકમ  કેન્દ્ર સરકારના નવી અને નવીકરનીય ઉર્જા મંત્રાલય (Ministry of New and Renewable Energy-MNRE) તરફથી મેળવવામાં આવશે.
b) Evacuation Based Incentive (EBI) રાજ્ય સરકારનાં ૩૦% ફાળા પેટે ગણવામાં  આવશે અને તે ધિરાણકર્તા સંસ્થા / નાબાર્ડને લોન હપ્તા પેટે ચૂકવવામાં આવશે.
c) બાકીના ૩૫% રકમ માટે ખેડૂત વતી રાજ્ય સરકાર દ્વારા લોન લેવામાં આવશે અને તે ધિરાણકર્તા સંસ્થા / નાબાર્ડને લોન હપ્તા પેટે ચૂકવવામાં આવશે.
d) ઉપરોક્ત (b) &(c)ની એકત્રિત રકમ લોન રૂપે ગણાશે.

**6. ટેકનિકલ અને ઇન્ટર કનેક્સન જરૂરિયાત: (Technical & Interconnection Requirements)**

a) વીજ વિતરણ કંપની (બીજા પક્ષકાર) દ્વારા ગ્રાહક (પ્રથમ પક્ષકાર) ને કરાર તેમજ યોજનાની શરતો મુજબ અને લાગુ પડતાં નીતિ- નિયમો, ધારા-ધોરણો, શરતો  (સમયાંતરના સુધારા સાથે) મુજબ સોલાર પીવી સિસ્ટમથી ઉત્પન્ન થયેલ વધારાની વીજળીને ગ્રીડમાં આપવા માટે ગ્રીડ કનેક્ટિવિટી (connectivity-સોલાર સિસ્ટમ નું  ગ્રીડ સાથે જોડાણ) આપવામાટે, નીચે મુજબના ઠરાવ, નીતિ-નિયમો, મુજબ રહેશે.

i. GoG Resolution No. SLR/2016/2284/B1 dated 27.06.2018
ii. Central Electricity Authority ( Measures relating to Safety and Electric Supply) Regulation-૨૦૧૦
iii. Central Electricity Authority (ગ્રીડ કનેક્ટિવિટી માટેના ટેકનિકલ માપદંડો) ને લગતા નિયમો -૨૦૦૭ Central Electricity Authority (મીટરના ઓપરેશન અને સ્થાપન) ને લગતા નિયમો -૨૦૦૬
iv. Gujarat Electricity Regulatory Commission (Electric Supply code & Related Matters) નિયમો-૨૦૧૫
v. Gujarat Electricity Regulatory Commission (ડિસ્ટ્રિબ્યૂશન કોડ), ૨૦૦૪.
vi. ચીફ ઇલેક્ટ્રિકલ ઈન્સ્પેકટર તરફથી સમયાંતરે જારી કરવામાં આવતા સૂચનો, નિર્દેશો અને પરીપત્રો.
vii. CEA (Technical Standards for Connectivity of the Distributed Generation) Regulation, 2013 અને સમયાંતરે જારી કરવામાં આવેલ સુધારા સાથે.
viii. પરિપત્ર નં .જીયુવીએનએલ /ટેક /સોલારસેલ /સ્કાય  /1748/તારીખ ૨૪/૦૭/૨૦૧૮, પરિપત્રનં .જીયુવીએનએલ /ટેક/ સોલારસેલ /સ્કાય  /1948/તારીખ ૧૮/૦૮/૨૦૧૮, ત્યારબાદની સૂચના, નિયમો, જીઆર અને સુધારા સાથે.

b) યોજના અંતર્ગત સ્થાપિત કરવામાં આવનાર સોલાર પાવર પ્લાન્ટ, લાગુ પડતાં રેગ્યુંલેશન (સમયાંતરના સુધારા સાથેના) ની જોગવાઇઓ અને જરૂરિયાતો મુજબનો  અને તેનું પાલન કરતો હોવો જોઇએ.

c) એજન્સી દ્વારા લગાડેલ આઇસોલેસન માટેના ઉપકરણોના (ઓટોમેટિક અને ઇનવર્ટરમાં સમાવિષ્ટ અને લાગુ પડતાં બહારના મેન્યુઅલ રીલે) નાં જરૂરીયાત મુજબનું સમારકામ, જાળવણી અને સંચાલન વીજ વિતરણ કંપનીની જરૂરીયાત મુજબ થાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે અને વીજ વિતરણ કંપની તે માટે હક્ક-પ્રવેશ કરી શકશે.

d) જ્યારે વીજ ગ્રીડની ઉપલબ્ધતા ન હોય ત્યારે સોલાર ફોટોવોલેટિક સિસ્ટમ આપોઆપ ગ્રીડથી આઇસોલેટ થઈ જવી જોઈએ અને સોલાર સિસ્ટમનો પાવર  વીજ વિતરણ કંપનીના વીજ પરિપથ (network)માં ન  જવો જોઈએ. આ સમયે ગ્રાહક તેનો મોટર-પંપસેટ વાપરી શકશે નહીં.

e) પ્લાન્ટના સંચાલન અને નિભાવ, ડ્રોઈંગ અને ડાયાગ્રામ, સાઇટ જવાબદારી માટેના સૂચિ, હાર્મોનિક્સ, સિંક્રોનાઇજેસન, વૉલ્ટેજ, ફ્રીક્વંસી, ફ્લિકર વિગેરેની બાબત અંગેના CEAના સંબંધિત Regulation મુજબના માપદંડો અનુસરવાના રહેશે.

f) વીજ ગ્રીડની ઉપલબ્ધતા નહોય ત્યારે સોલાર  પ્લાન્ટના બેકફિડિંગના કારણે થતાં કોઈપણ અકસ્માત  (જેવાકે માનવ /પ્રાણી, પ્રાણઘાતક/બિનપ્રાણઘાતક, ખાતાકીય/ બિનખાતાકીય) ના કિસ્સામાં ચીફ ઈલેક્ટ્રીકલ ઇન્સ્પેકટર દ્વારા નક્કી કર્યા મુજબ જવાબદાર રહેશે. આવા તાકીદના કિસ્સામાં વીજ વિતરણ કંપનીને અકસ્માત રોકવા કે માનવ અને મટિરિયલને થતાં નુકશાનને અટકાવવા માટે ગ્રાહકનું વીજસ્થાપન કાપવાનો હક્ક રહેશે.

g) વીજ વિતરણ કંપની સલામત અને વિશ્વસનીય વીજ વિતરણ સિસ્ટ્મ જાળવી રાખવાની પોતાની જવાબદારી નિભાવી શકે તે માટે જો તે નકકી કરે કે સોલાર ફોટૉવોલેટિક પ્લાંટના કારણે કંપનીની મિલ્કતને કે બીજા ગ્રાહ્કોને નુકસાન કે નકારાત્મક અસર થાય છે તો વીજ વિતરણ કંપનીના નિર્દેશ મુજબ સોલાર ફોટોવોલટિક પ્લાંટનું તાત્કાલિક ગ્રીડમાથી જોડાણ દૂર કરી (disconnect) નાખવાનો રહેશે. જરૂરી સમારકામ કરાવ્યા બાદ અને વીજ વિતરણ કંપનીને સંતોષ થયા બાદ જ પુન:જોડાણ થઈ શકશે.

**ઉપર મુજબના શરતો  (6a થી 6g) નું પાલન કરવાની જવાબદારી એસપીવી સિસ્ટમ કાર્યન્વિત થયાની તારીખથી (from date of commissioning) પ્રથમ સાત વર્ષ માટે ત્રિપક્ષીય કરારની જોગવાઈઓ મુજબ એસપીવી એમપાનેલ્ડ એજન્સી કે જેણે એસપીવી સિસ્ટમનું સ્થાપન કર્યું હશે તેની રહેશે અને આ શરતોના પાલન બાબતે ગ્રાહકે સહકાર આપવાનો રહેશે. સાત વર્ષ પુર્ણ થયા બાદ જ્યારે એસપીવી સિસ્ટમની માલિકી ગ્રાહકની (પ્રથમ પક્ષકારની ) થશે ત્યારે ઉપર મુજબની શરતો પાલન કરવાની જવાબદારી ગ્રાહકની (પ્રથમ પક્ષકારની ) રહેશે.**

**7. ગ્રાહક/ખેડૂત (પ્રથમ પક્ષકાર) ના હક્ક, કાર્યો અને જવાબદારીઓ:-**

a) ગ્રાહક જે સર્વે નંબર વાળી જમીનમાં વીજ વપરાશ કરવા માટે અધિકૃત થયેલ હોય તેજ જગ્યામાંજ વીજ વપરાશ કરી શકશે.

b) ગ્રાહક ખેતી માટેના વીજ વપરાશ માટે યોજનાની જોગવાઈ મુજબ અન્ય કોઈપણ સબસિડી મેળવવા માટે હકદાર રહશે નહીં.

c) જેતે SKY ફીડર માટે સંબંધિત ખેડૂતો દ્વારા ખેડૂતોની સંચાલન સમિતિની રચના કરવાની રહેશે. જો ફીડર ઉપરના ખેડૂતો ની સંખ્યા ૧૦૦ કે તેથી ઓછી હોય તો તે બધા ખેડૂતો વતી આ સમિતિમાં કુલ સભ્ય સંખ્યા ૫(પાંચ) થી ૭ (સાત) રાખવાની રહેશે. જો ફીડર ઉપરના ખેડૂતો ની સંખ્યા ૧૦૦ કે તેથી વધારે  હોય તો તે બધા ખેડૂતો વતી આ સમિતિમાં કુલ સભ્ય સંખ્યા ૯ (નવ) થી ૧૧ (અગિયાર) રાખવાની રહેશે. સમિતિના પ્રમુખ આ યોજનાના અમલીકરણ માટે જેતે વીજ વિતરણ કંપની સાથે વ્યવહાર કરશે. આ સમિતિ માટે વીજ કંપની (બીજા **પક્ષકાર)** તરફથી નિયત કરેલ શરતો, નિયમો, જવાબદારીઓ, કાર્યો, વિગેરે ગ્રાહક (પ્રથમ પક્ષકાર) ને બંધન કર્તા રહેશે.

d) પ્રથમ સાત વર્ષ પૂર્ણ થયા બાદ અને લોન પેટેની રકમ ભરપાઈ થયા બાદ સોલાર પ્લાન્ટની માલિકી અને સારસંભાળની જવાબદારીગ્રાહક (પ્રથમ પક્ષકાર)નીરહેશે. જો સાત વર્ષ પૂર્ણ થયા બાદ લોન ભરપાઈ ન થાય તો સોલાર પ્લાન્ટની માલિકી વીજ વિતરણ કંપની (બીજા પક્ષકાર) ની રહેશે. પરંતુ સાર સંભાળની જવાબદારી સાત વર્ષ બાદ પ્રથમ પક્ષકારની રહેશે.

e) ગ્રાહકે (પ્રથમ પક્ષકારે) વીજ સલામતીને અનુલક્ષીને તમામ પ્રકારની સાવચેતી રાખવવાની રહેશે અને વીજ વિતરણ કંપની (બીજા પક્ષકાર) તરફથી પ્રકાશિત સ્કાય યોજના હેઠળની **સલામતી પુસ્તિકા** વાંચી સમજી અને કોઇ અકસ્માત, ઘટના કે દુર્ઘટના ના બને તેમાટે જરૂરી સાવચેતી અને સંભાળ રાખવાની રહેશે. જરૂર પડ્યે વીજ કંપની ને તુરંત જાણ કરવાની રહેશે.

f) કોઈપણ સંજોગોમાં ગ્રીડની ઉપલબ્ધતા ન હોય અને તેને લઈને સોલાર પ્લાન્ટમાંથી વીજ ઉત્પાદન ન થઇ શકે અથવા અન્ય કોઈ કારણોસર વીજ ઉત્પાદન ન થઇ શકે અને તે માટે એજન્સી જવાબદાર ન હોય તેવા સંજોગોમાં ગ્રાહક(પ્રથમ પક્ષકાર) ઉત્પાદન-ખોટના કારણે થતાં નુકશાનના પેટે વળતર માટે વીજ વિતરણ કંપની (બીજા પક્ષકાર) સામે માંગ / દાવો કરી શકશે નહીં. સાત વર્ષ નો સમયગાળો પૂર્ણ થયા બાદ કોઈપણ કારણોસર વીજ ઉત્પાદન ન થઈ શકે અથવા ઓછુ થાય તે બાબતે ઉત્પાદન-ખોટના કારણે થતાં નુકશાનના પેટે વળતર માટે ગ્રાહક (પ્રથમ પક્ષકાર) વીજ વિતરણ કંપની (બીજા પક્ષકાર) સામે માંગ / દાવો કરી શકશે નહીં.

g) સોલાર ફોટોવોલ્ટેક પ્લાન્ટના જોડાણ અને સંચાલનમાં બેદરકારી અથવા પ્રતિકૂળ અસરો માટે વીજ વિતરણ કંપનીને ( બીજા પક્ષકારને) નુકસાન માટે પ્રથમ સાત વર્ષ પુર્ણ થયા બાદ ગ્રાહક (પ્રથમ પક્ષકાર) જવાબદાર રહેશે.

h) યોજનામાં જોડાયેલ સ્કાય ગ્રાહકનું બીલીંગ હાલમાં જો હો.પા. આધારિત (HP based) ટેરીફ મુજબથતું હોય તેવા સંજોગોમાં આ યોજનામાં જોડાયા બાદ મીટર આધારિત (Meter based) ટેરીફ મુજબ બીલીંગ કરવામાં આવશે.

8.**<u>વીજ વિતરણ કંપની (બીજા પક્ષકાર) ના હક્ક, કાર્યો અને જવાબદારીઓ:-</u>**

a) વીજ વિતરણ કંપની(બીજા પક્ષકાર) ને મીટરિંગ સાધનો અને સોલાર ફોટોવોલટિક પ્લાન્ટના સાધનો, સ્વચાલિત અને મેન્યુઅલ બંને રીતે બંધ કરવાનો અધિકાર રહેશે.

b) કટોકટી અથવા આઉટેજ પરિસ્થિતિમાં, જ્યાં ઓટોમેટીક અને મેન્યુઅલ, જેમ કે સ્વિચ અથવા બ્રેકર થકી ડીસ કનેક્શન થઇ શકે તેમ નથી, તેવા સંજોગોમાં વીજ વિતરણ કંપનીને ( બીજા પક્ષકારને) ગ્રાહકના ( પ્રથમ પક્ષકારના) સ્થળે વીજ જોડાણ કે સોલાર સિસ્ટમ જોડાણ કે બંને જોડાણો કાપવાનો (disconnect) અધિકાર રહેશે.

c) વીજ વિતરણ કંપની ( બીજા પક્ષકાર) આ સોલાર પ્લાન્ટમાંથી જે વીજ ઉત્પાદન થાય તેને વીજ વિતરણ કંપનીના આર.પી.ઓ.(Renewable Purchase Obligation )હેઠળ ગણી શકશે.

d) Central Electricity Authority (CEA)ના સમયાંતરના સુધારા સાથેના 'મીટરનું સ્થાપન અને સંચાલન' રેગુલેશન-૨૦૦૬ મુજબ મીટરિંગ વ્યવસ્થા કરવાની રહેશે. વિવિધ મીટરો કે જે આ સમગ્ર મીટરિંગ સિસ્ટમના ભાગ છે તેમને નીચે પ્રમાણે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

i. જનરેશન મીટર: સોલાર પીવી સિસ્ટમ થી ઉત્પન્ન થતી વીજળી માપવાનું વીજ મીટર
ii. કંજયુમર મીટર: ગ્રાહકનો વીજ વપરાશ માપવાનું લોડ સાઈડનું વીજ મીટર
iii. ગ્રાહક નેટ મીટર: વીજ વિતરણ કંપનીની લો-ટેંસન (LT) વીજ લાઇન તરફ મૂકવામાં આવતું મીટર કે જેમાં ગ્રાહક દ્વારા સોલાર ઉત્પાદિત વપરાશ પછીની એક્સપોર્ટ કરાતી વધારાની વીજળી અને પોતાના વીજ સ્થાપનમાં વપરાશ માટે ગ્રીડમાંથી ઇમ્પોર્ટ કરાતી વીજળી માપી શકાય તે મીટર. આ મીટરમાં ઇમ્પોર્ટ અને એક્સપોર્ટ યુનિટ મપાય છે.

e) વીજચોરી/ ગેરરીતિ /અનિયમિતતાના કિસ્સામાં વીજ કંપની દ્વારા વીજધારા,૨૦૦૩ અને Gujarat Electricity Regulatory Commission ના ઓર્ડર / રેગ્યુલેશન મુજબ પગલાં ભરવાની સત્તા રહેશે.

9. <u>**વીજળીનો હિસાબ કરવાની પદ્ધતિ:( Methodology of Energy Accounting)**</u>

વીજળીનો હિસાબ (Energy Accounting) નીચે મુજબ કરવામાં આવશે અને તે બંને પક્ષો ને માન્ય રહેશે.

a) બિલિંગ ગાળા દરમિયાન ફીડરની અંદર મોકલેલ(injected) વીજળી* અને ફીડરમાંથી ખેંચેલ (drawn) વીજળી**ના તફાવતને જે-તે વીજ ફીડરની વીજ ઘટ (યુનિટ loss) તરીકે ગણવામાં આવશે.
*ફીડર**ની અંદર મોકલેલ (injected) વીજળી**: (સ્કાય ગ્રાહકો દ્વારા ફીડરની અંદર મોકલેલ વીજળી વત્તા સબ-સ્ટેશનથી ફીડરની અંદર આવેલ વીજળીનો સરવાળો)
**ફીડર**માંથી ખેંચેલ (drawn) વીજળી**: (બધા ગ્રાહકો દ્વારા ફીડરમાંથી ખેંચેલ વીજળી વત્તા ફીડરે સબ-સ્ટેશનને મોકલેલ વીજળી નો સરવાળો)

b) ફીડરની અંદર મોકલેલ( injected) વીજળી (સ્કાય ગ્રાહકો દ્વારા ફીડરની અંદર મોકલેલ વીજળી વત્તા સબ-સ્ટેશનથી ફીડરની અંદર આવેલ વીજળીનો સરવાળો) ના 5 % ( પાંચ ટકા) સમકક્ષ યુનિટ વીજ-ઘટ પેટે વીજ વિતરણ કંપનીએ ભોગવવાના રહેશે.
ઉપરોક્ત (a) માં ગણેલ વીજ ઘટના યુનિટ જો ફીડરની અંદર મોકલેલ વીજળીના 5% કે તેથી ઓછા હશેતો તેવા કિસ્સામાં વીજ ઘટના યુનિટ સ્કાય ગ્રાહકો ઉપર ફાળવવામાં નહીં આવે.
જો વીજ ઘટના યુનિટ ફીડરની અંદર મોકલેલ વીજળીના 5% થી વધુ હશે તો આ 5% થી ઉપરના વીજ ઘટના યુનિટ સ્કાય ગ્રાહકો વચ્ચે તેમણે ફીડરમાં મોકલેલ (injected) તથા ફીડરમાંથી ખેંચેલ (drawn)વીજળીના વરાળે ભાગે પડતાં ફાળવવામાંઆવશે.

c) બિલિંગ ગાળા દરમિયાન સ્કાય ગ્રાહક દ્વારા, (મોકલેલ વીજળીમાંથી વીજ ઘટના ફાળવેલ યુનિટ બાદ કર્યા પછીના યુનિટ) અને (ખેંચેલ વીજળીમાં વીજ ઘટના ફાળવેલ યુનિટને ઉમેરો કર્યા પછીના યુનિટ) ના (પોઝિટિવ) તફાવતને સ્કાય ગ્રાહકના ચોખ્ખાં મોકલેલ યુનિટ (net-injection) તરીકે ગણવામાં આવશે જ્યારે ઋણ (નેગેટિવ) તફાવતને સ્કાય ગ્રાહકના ચોખ્ખાં ખેંચેલ યુનિટ ( net-drawl) તરીકે ગણવામાં આવશે.

d) જો ઉપર (c) મુજબની ગણેલ વીજળી ગ્રાહક માટે ચોખ્ખાં મોકલેલ યુનિટ ( net-injection) થતી હોય તો તેને પછીની બિલિંગ સાયકલ માટે આગળ ખેંચવામાં આવશે. જો ચોખ્ખાં ખેંચેલ યુનિટ ( net-drawl) થતી હોય તો તેને પછીની બિલિંગ ગાળા માટે આગળ ખેંચવામાં આવશે. નાણાકીય વર્ષાન્તે જો ચોખ્ખાં મોકલેલ યુનિટ ( net-injection)હોય તો તેને સ્કાય ગ્રાહકના ચુકવવા પાત્ર તરીક ગણાશે અને જો ચોખ્ખાં ખેંચેલ યુનિટ ( net-drawl) હોય તો તેને સ્કાય ગ્રાહક પાસેથી વસૂલવા પાત્ર ગણાશે.

વીજળીનો હિસાબ કરવાની પદ્ધતિ (Methodology of Energy Accounting)ની સમજ આપતું ઉદાહરણ આ કરાર સાથે જોડેલ પરિશિષ્ટ-ક માં દર્શાવેલ છે.

વીજળીનો હિસાબ કરવાની પદ્ધતિ માટે બિલિંગ ગાળા દરમિયાન નીચેના મેઇન મીટરોમાં નોધાયેલ યુનિટ રીડિંગ ને ગણતરીમાં લેવામાં આવશે.

I. જે-તે SKY ગ્રાહકના નેટ-મીટરમાં નોંધાયેલ યુનિટ
II. જે-તે Non-SKY ગ્રાહકના મીટરમાં અથવા Non-SKY ગ્રાહકના વીજ સ્થાપન ઉપર મુકેલ વોચ ડોગ ઉપકરણ કે વોચ ડોગ ટ્રાન્સફોરમર મારફત મળેલ નોંધાયેલ યુનિટ
III. જો સબસ્ટેશન પાસે જે-તે ફીડર માટે અલગથી મુખ્ય CTPT યુનિટ સિસ્ટમ મુકેલ હોય તો તેના Bi-Directional મીટરમાં નોંધાયેલ યુનિટ. જો ફીડર માટે અલગથી મુખ્ય CTPT યુનિટ સિસ્ટમ મુકેલ ન હોય તો સબસ્ટેશન ની અંદર આવેલ ફીડરના પેનલ મીટરમાં નોધાયેલ યુનિટ

જો કોઈ સંજોગોમાં ઉપરના મેઇન મીટરના યુનિટ તાંત્રિક રીતે મેળવી શકાય નહીં તો નીચે મુજબના બેક-અપ મીટરો ઉપરથી મેળવેલ યુનિટ ગણતરીમાં લેવામાં આવશે.

I. જે-તે SKY ગ્રાહકના જનરેશન મીટર અને કંજયુમર મીટરમાં નોધાયેલ યુનિટ ના આધારે નક્કી થયેલ યુનિટ
II. જે-તે Non-SKY ગ્રાહકના વીજ સ્થાપન પાસે મુકેલ ટ્રાન્સફોર્મર ઉપરના એનર્જિ ઓડિટ મીટરમાં નોંધાયેલ યુનિટના આધારે મેળવેલ યુનિટ
III. સબસ્ટેશનમાં ઇન્ટરફેસ મીટર અને બીજા ફિડરોના પેનલ મીટરના આધારે નક્કી થયેલ યુનિટ

જો કોઈ સંજોગોમાં મેઇન અને બેક-અપ મીટરના રીડિંગ પણ મળી શકે તેમ ન હોય તો વીજ વિતરણ કંપની પરિસ્થિતીને ધ્યાને લઈ યુનિટનું assessment કરશે જે બંને પક્ષોને માન્ય રહેશે.

**10 .વાણિજ્યક હિસાબ : (Commercial Settlement ):-**

ઉપરોક્ત ક્રમાંક 9 (નવ) માં દર્શાવેલ પદ્ધત્તિથી વીજળીનો હિસાબ કર્યા પછી સ્કાય ગ્રાહક દ્વારા ફીડરમાં જે-તે બિલિંગ ગાળા દરમિયાન ચોખ્ખાં મોકલેલ ( net-injection) યુનિટ અને તેમનાં દ્વારા ફીડરમાંથી ચોખ્ખાં ખેંચેલ ( net-drawl) યુનિટનો પ્રત્યેક નાણાકીય વર્ષાંતે વાણિજ્યક હિસાબ નીચે મુજબ કરવામાં આવશે અને આ ચોખ્ખાં મોકલેલ ( net-injected) યુનિટ કે ચોખ્ખાં ખેંચેલ ( net-drawn)યુનિટનું રૂપિયામાં રૂપાંતર દર નાણાકીય વર્ષ ના અંતે કરવામાં આવશે.

I. ઉપરોક્ત 9 (d)ની ગણતરીમાં પ્રત્યેક નાણાકીય વર્ષાંતે જો સ્કાય ગ્રાહક દ્વારા ફીડરમાંથી ચોખ્ખાં ખેંચેલ યુનિટ ( net-drawl) આવે તો વીજ વિતરણ કંપની દ્વારા આ વાપરેલ વીજળીને જી.ઇ.આર.સી. દ્વારા નક્કી કરેલ **રૂ. ૩.૫૦ પ્રતિ યુનિટ** દરે ગ્રાહક પાસેથી વસૂલી નિયમોનુસાર બિલિંગ કરવામા આવશે અને તે બિલની રકમ ગ્રાહકે વીજ કંપનીને ભરવાની રહેશે. પરંતુ જી.ઇ.આર.સી. સમક્ષ વીજ વિતરણ કંપનીએ કરેલ SKY પિટિશન (Petition

no.1729 of 2018)ની બાબતમાં તારીખ ૨૯-૧૦-૨૦૧૮ના રોજ જી.ઇ.આર.સી. દ્વારા કરાયેલ હુકમ મુજબ, જ્યાં સુધી જી.ઇ.આર.સી. આ રૂા. ૩.૫૦ પ્રતિ યુનિટ દરે ગ્રાહક પાસેથી વસૂલ કરવાની વીજ વિતરણ કંપનીની દરખાસ્ત ઉપર અંતિમ નિર્ણય ન લે ત્યાં સુધીના વચગાળાના સમયમાં, વીજ વિતરણ કંપની દ્વારા જે-તે સ્કાય ગ્રાહક પાસેથી તેમણે ફીડરમાંથી ચોખ્ખાં ખેંચેલ યુનિટ ( net-drawn) ઉપર નામદાર આયોગના મંજૂર થયેલ ટેરિફ શિડ્યુલ મુજબ જે-તે લાગુ પડતી મીટર્ડ કેટેગરી મુજબના ચાલુ ટેરિફ પ્રમાણે વસૂલાત કરવામાં આવશે.

II. ઉપરોક્ત 9 (d) ની ગણતરીમાં પ્રત્યેક નાણાકીય વર્ષાંતે જો સ્કાય ગ્રાહક દ્વારા ફીડરમાં ચોખ્ખાં મોકલેલ યુનિટ ( net-injection) આવે તો વીજ વિતરણ કંપની દ્વારા નીચે મુજબની ચુકવણી કરવામાં આવશે:-

a) સ્કાય ગ્રાહક દ્વારા ઉપરમુજબ ફીડરમાં ચોખ્ખાં મોકલેલ ( net-injection)યુનિટને વીજ વિતરણ કંપની દ્વારા **રૂા. ૩.૫૦ પ્રતિ યુનિટ** દરે 25વર્ષ સુધી ખરીદશે.

b) તે ઉપરાંત ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે સૌર ઉર્જા ઉત્પાદન શરૂ થાય (Commissioning) ત્યારથી પ્રથમ ૭ (સાત) વર્ષ માટે રાજય સરકાર દ્વારા આપવાની સબસીડીનાં ભાગ રુપે જે સ્કાય ગ્રાહક દ્વારા ઉપર મુજબ ફીડરમાં ચોખ્ખાં મોકલેલ ( net-injection) યુનિટના **રૂા. ૩.૫૦ પ્રતિ યુનિટના** દરે Evacuation Based Incentive (EBI) ચૂકવવામાં આવશે, જે કી.વો. (KW) દીઠ ૧૦૦૦ યુનિટની વાર્ષિક મર્યાદામાં ચૂકવાશે. ઉદાહરણ તરીકે, ૨૫ કિ.વો. નું સોલાર પીવી સિસ્ટમ ક્ષમતાનું વીજ સ્થાપન ધરાવતા ખેડૂત વાર્ષિક ૨૫૦૦૦ યુનિટ સુધી ગ્રીડમાં વેચાણ કરી શકશે.
પરંતુ ૧. હો.પા. સામે ૧.૨૫ કિ.વો. ઉપરાંત ખેડૂતે સ્થાપેલ સોલાર ક્ષમતામાંથી ઉત્પાદિત વીજળીના વેંચાણ સામે સરકાર દ્વારા EBI ચૂકવવામાં આવશે નહીં.

III. રાજ્ય સરકાર દ્વારા ચૂકવાતી આ EBI રાજ્ય સરકારનાં ૩૦% ફાળા પેટે ગણવામાં આવશે અને તે ધિરાણકર્તા સંસ્થા / નાબાર્ડને લોન હપ્તા પેટે ચૂકવવામાં આવશે.

IV. સોલાર પીવી પ્લાન્ટના કાર્યન્વિત તારીખથી પ્રથમ સાત વર્ષનાં સમયગાળા માં આ મુજબ રાજ્ય સરકાર ચુકવણી કરશે. ત્યારબાદ સરકાર ની સબસિડીનાં ભાગ રુપે મેળવેલ લોન પૂર્ણ ભરપાઈ થઈ ગયા બાદ EBI ચૂકવવામાં આવશે નહીં, પરંતુ વીજ વિતરણ કંપની દ્વારા ખેડૂતો દ્વારા ચોખ્ખાં મોકલેલ ( net-injection) વીજળીની ખરીદી રૂપે ચાલુ રહેશે અને ત્યારબાદ કરારના બાકીના વર્ષ સુધી તે પેટે વીજ વિતરણ કંપની દ્વારા રકમ ખેડૂતોને મળતી રહેશે. ખેડૂતો વતી લોનની પરત ચૂકવણી અંદાજે સાત વર્ષમાં પૂર્ણ થશે.

V. ગ્રીડમાં વેચેલ ( Net-Injection – ચોખ્ખી મોકલેલ ) વીજળી પેટે વીજ વિતરણ કંપની દ્વારા ખેડૂતને ચૂકવવાની થતી રકમની વીજ વિતરણ કંપની દ્વારા રાખવામા આવતા જે-તે સ્કાય ગ્રાહકના બિલિંગ લેઝર એકાઉન્ટમાં જમા કરવામાં આવશે. વર્ષાન્તે તેમાથી પ્રથમ, ખેડૂતો વતી લેવાયેલ લોનનો હપ્તો ચુકવ્યા બાદ બાકી રહેતી રકમ ખેડૂતને ચૂકવવામાં આવશે. સદરચૂકવવા પાત્ર થતી રકમનું ચૂકવણું (Payment) દર નાણાકીય વર્ષના અંતે કરવામાં આવશે.

VI. ઉપરોક્ત લોનનો હપ્તો ચૂકવ્યા બાદ ગ્રાહકને ચૂકવવા પાત્ર થતી રકમ જો ગ્રાહક તેની બાકી રહેતી લોન સામે સરભર કરવા માંગે તો તે કરી શકશે. પરંતુ જો કોઈ કિસ્સામાં ખેડૂત દ્વારા

ગ્રીડમાં વેચેલ વીજળીની રકમ કરતાં લોનનો હપ્તો વધારે હોય તો તેવા સંજોગોમાં બાકી રહેતી રકમ ગ્રાહકે ભરપાઇ કરવાની રહેશે.

VII. ઉપરોક્ત બાદ પણ નાણાકીય વર્ષાન્તે બાકી રહેતી લેણી રકમ ગ્રાહક દ્વારા ભરપાઈ /સરભર ના થયે નિયમ મુજબ ની નોટિસ આપી પંપ-સેટ તરફના વીજમીટર નું જોડાણ કાપવાની કાર્યવાહી કરવામાં આવશે. ઉપરોકત પંપ-સેટ તરફનું વીજ જોડાણ કપાયેલ સંજોગો માં વીજ ઉત્પાદન અને વીજ વેચાણ ચાલુ રહેશે જેમાથીબાકી રહેતી લેણી રકમ વિલંબિત ચુકવણી ચાર્જ (DPC-Delay Payment Charges) સાથે વસૂલ કરવામાં આવશે. બાકી રહેતી લેણી રકમ ની સંપૂર્ણ ભરપાઈ થયેથી પુનઃ જોડાણ ચાર્જ વસૂલી ઉપરોકત પંપ-સેટ તરફનું વીજ જોડાણ પુનઃ જોડી આપવામાં આવશે.

## 11 .અન્ય શરતો:-

a) ખેડૂત જો ઇચ્છે તો સ્વખર્ચે વધુ સોલાર પી.વી. સિસ્ટમ ક્ષમતા વીજ વિતરણ અને વીજ પરિવહન નેટવર્કની મર્યાદામાં રહીને આવશ્યક તાંત્રિક મંજૂરી લીધા બાદ સ્થાપી શકશે પરંતુ સબસિડીની રકમ ખેડૂત જેટલા હો.પા. નું જોડાણ ધરાવતો હોય તે ૧ હો.પા. દીઠ ૧.૨૫ કી.વો. પૂરતી મર્યાદિત રહેશે પરંતુ આ વધારાની ક્ષમતા સહીત કરારીત વીજભાર ના ૧.૫ ગણા અથવા ૧૨૫ કી.વો.,બે માથી જે ઓછું હશે તે રીતે સ્થાપિત કરી શકશે. મૂળ ક્ષમતા ( ૧ હો.પા. દીઠ ૧.૨૫ કી.વો. પ્રમાણે) કરતાં વધારા ની સોલાર પીવી સિસ્ટમની ક્ષમતા અધિક ક્ષમતા ગણાશે. અધિક ક્ષમતા ની સોલાર પીવી સિસ્ટમનો ખર્ચ ગ્રાહકે પોતે ભોગવવાનો રહેશે જે હયાત વીજ પરિવહન અને વીજ વિતરણ નેટવર્કની ક્ષમતા ની મર્યાદામાં આવશ્યક તાંત્રિક મંજૂરી ને આધીન રહેશે.

b) ખેડૂત ઓછી લોન લેવા ઇચ્છે તો ૫% ના સ્થાને વધુ રકમ upfront ભરી શકશે અને તે સંજોગોમાં લોન ચુકવણીનો હપ્તો ઓછો આવશે અને વાર્ષિક વધુ રકમ મળશે. ખેડૂત યોજનામાં જોડાયા બાદ પણ પોતાના ફાળા પેટે વધુ રકમ લોનનાં સમયગાળા દરમિયાન ભરી શકશે અને તેમાટે બાકી રહેતી લોનની રકમની ફરી-ગણતરી (re-calculation ) કરવામાં આવશે.

c) આ યોજનામાં જોડાતાં ખેડૂતોને કૃષિ વિષયક વીજ વપરાશ માટે અન્ય કોઈ સબસીડી મળવાપાત્ર રહેશે નહીં .

d) આ યોજનામાં સોલાર પીવી સિસ્ટમની માલિકી સોલાર પીવી સિસ્ટમ commission થાય પછીના પ્રથમ ૭ (સાત) વર્ષ (લોન ની મુદત) સુધી સરકાર વતી જેતે વીજ વિતરણ કંપનીની રહેશે. લોન ભરપાઈ થયા બાદ સિસ્ટમ ની માલિકી ખેડૂત ની રહેશે.

e) હિસાબના હેતુ માટે ખેડૂતની બિલીંગ સાયકલ પ્રમાણે ખેડૂતે કેટલી વીજળી વાપરી છે (net-drawl -ચોખ્ખી ખેંચેલ વીજળી) / ગ્રીડમાં વેચી છે ( net-injection -ચોખ્ખી મોકલેલ વીજળી) તે નક્કી કરવામાં આવશે. બિલીંગ સાયકલ હાલ દ્વિમાસિક રહેશે.

f) જો કોઈ ખેડૂત વીજ જોડાણ એ જ સર્વે નંબરમાં અથવા પોતાની માલિકીના અન્ય સર્વે નંબરમાં માં ખસેડવા ઇચ્છે તો તે વીજ વિતરણ કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ કરી શકશે. નવી જગ્યા નું ફીડર SKY ફીડર હશે તો જ SKY યોજના નો લાભ મળી શકશે પરંતુ આવા

કિસ્સાઓમાં સિસ્ટમ ની ગેરેન્ટી, મેંટેનન્સ અને વિમા ના લાભો મળવાપાત્ર રહેશે નહીં અને તેવા સંજોગોમાં સોલાર પીવી સિસ્ટમ ખસેડવા નો ખર્ચ ગ્રાહકે ભોગવવા નો રહેશે. વીજ જોડાણ SKY ફીડર સિવાય ના ખેતીવાડી ફીડરમાં ખસેડવાના કિસ્સામાં સોલાર સિસ્ટમની જે તે વખતે બાકી લેણી રહેતી રકમ ખેડૂત દ્વારા ભરપાઈ કરી દેવાની રહેશે અને વીજળી વેંચાણ કરી શકશે નહીં.

g) જો કોઈ ખેડૂત સોલાર સિસ્ટમ commission થયા બાદ લોડ વધારો અથવા ઘટાડો કરવા ઇચ્છે તો તે વીજ વિતરણ કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ કરી શકશે. તેવા સંજોગો માં લોડ ઘટાડા માટે સોલાર સિસ્ટમ ની ક્ષમતા ઘટાડવાની જરૂર રહેશે નહીં. પરંતુ લોડ વધારા માટે તે સ્વખર્ચે નવા કરારીત વીજ ભારના ૧.૨૫ ગણા મુજબની ક્ષમતા ની સોલાર પીવી સિસ્ટમ વીજ વિતરણ કંપનીની મંજૂરીને આધીન બેસાડી શકશે. આવા કિસ્સામાં વધારાની બેસાડેલ સોલાર પીવી સિસ્ટમ થી ગ્રીડમાં આપેલ વધારાની વીજળી ઉપર સરકાર તરફથી મળતી EBI મળવા પાત્ર રહેશે નહીં.

h) જો કોઈ ખેડૂત પોતાનું ખેતી વિષયક વીજ જોડાણ કાયમી ધોરણે બંધ કરાવવા ઇચ્છે તો તે વીજ વિતરણ કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ કરી શકશે. તેવા સંજોગોમાં માં ખેડૂતે સિસ્ટમની તેમજ અન્ય બાકી રહેતી તમામ રકમ સપૂર્ણ રકમ ભરપાઈ કરી સિસ્ટમ ની માલિકી મેળવી તે સિસ્ટમ ને ત્યાથી દૂર કરી શકશે. આવા સંજોગો માં વીજ વિતરણ કંપની અને એજન્સી સાથે કરવામાં આવેલ તમામ કરાર ગ્રાહક તરફથી વીજ જોડાણ કાયમી ધોરણે બંધ કરવાની નોટિશ આપ્યાના ૯૦ (નેવું ) દિવસ બાદ રદ થવાને પાત્ર થશે.

i) જો કોઈ ખેડૂત પોતાના વીજ જોડાણનું નામફેર કરવા ઇચ્છે તો તે પ્રવર્તમાન નિયમોને આધીન કરી શકશે. આવા સંજોગો માં સોલાર સિસ્ટમ ની માલિકી અને લોન ની જવાબદારી આવનાર નવા ગ્રાહકની રહેશે અને તે મુજબ તમામ કરારો આવનાર નવા ગ્રાહકના નામે તબદીલ થવાને પાત્ર થશે અને આવનાર નવા ગ્રાહકે નવા કરારો કરવાના રહેશે. આ માટે લાગુપડતા જે તે ચાર્જીસ નવા ગ્રાહકે ભરવાના રહશે.

j) જો કોઈ ગ્રાહક કરારીત વીજ ભારમાં વધારો કરવાની માંગ કરે, તો તે મૂળ કરારીત વીજ ભારના 1.5 ગણાની મહત્તમ મર્યાદા સુધી વધારી શકશે. ડિસ્કોમ દ્વારા લોડ ચકાસણી દરમિયાન, જો જોડેલ વીજભાર કરારીત વીજભાર કરતાં વધુ હોય તો વીજભારના નિયમિતકરણ માટે મૂળ કરારીત વીજભારના 2 ગણા સુધીનો વધારો મંજૂર કરવામાં આવશે જેના માટે ગ્રાહકે અંદાજપત્રની રકમ ભરપાઇ કરવાની રહેશે પરંતુ આકારણી બિલ આપવામાં આવશે નહીં. પી.વી ક્ષમતાની ફાળવણી માટે નિયમિત કરાયેલ લોડને ધ્યાનમાં લેવામાં આવશે.

k) આ કરારનો સમયગાળો સોલાર પીવી સીસ્ટમ કાર્યાન્વિત થયા બાદ ( from the date of commissioning) થી ૨૫ વર્ષ માટેનો રહેશે.

l) **પીડીસી વીજ ગ્રાહકો માટે**: જે ખેડૂતોના વીજ જોડાણ બાકી લેણી રકમની ભરપાઈ ના કરી શકવાને કારણે કાયમી ધોરણે રદ થયેલ હોય અને લેણી રકમ ભરપાઈ કરવા સક્ષમ નાં હોય એવા ખેડૂતો સ્કાય યોજનામાં જોડાવવા માંગતા હોય તો તેઓને હપ્તા કરીને પુન:જોડાણ આપવામાં આવશે. આવા ગ્રાહકોના હપ્તાની વસુલાત તેઓ દ્વારા ઉત્પાદિત થતી વીજળીમાંથી કરવામાં આાવશે. જે કિસ્સામાં વીજ ઉત્પાદન કરતાં વીજ વપરાશ વધુ હોય અને

વસુલાત શકય ન તેવા કિસ્સામાં ખેડૂતે રોકડમાં ચૂકવણી કરવાની રહેશે. જો ગ્રાહક દ્વારા નોટિસ સમય દરમિયાન બાકી રહેતી લેણી રકમ ભરપાઈ કરવામાં નહીં આવેતો પંપ સાઈડ તરફનું વીજ જોડાણ કાપી નાંખવામાં આવશે.

m) સદર યોજનાની અમલવારી અંતર્ગત ગ્રાહક (ખેડુત/લાભાર્થી), વીજ વિતરણ કંપની અને સોલાર એજન્સી દ્વારા અને વચ્ચે સૌર ઉર્જા સંચાલિત સિસ્ટમ સ્થાપિત કરવા તેને લગતા સંલગ્ન કાર્યો બાબતે અલગથી કરવામાં આવેલ "ત્રિપક્ષીયકરાર" આ દ્વિપક્ષીય કરારનો ભાગ ગણાશે.

n) કરારનો અંત (Termination of agreement ):

   a. ૯૦ દિવસની આગોતરી નોટીસ આપ્યા બાદ વીજ ગ્રાહક ( પ્રથમ પક્ષકાર) કોઇ પણ સમયે આ 'ગ્રીડ જોડાણ કરાર' રદ કરી શકશે. જો વીજ ગ્રાહક દ્વારા ૦૭ વર્ષના સમયગાળામાં કરાર રદ કરવામાં આવે તો તે ગ્રાહકે સોલાર પીવી સીસ્ટમ અંતર્ગત બાકી રહેતી તમામ રકમ,લોન, સબસીડીની બાકી રહેતી રકમ ભરપાઇ કરવાની રહેશે. આ કરાર રદ થયા બાદ ગ્રાહકને સ્કાય યોજના અંતર્ગતના કોઇ પણ લાભો મળવા પાત્ર રહેશે નહી.

   b. જો કોઇ વીજ ગ્રાહક દ્વારા સોલાર પીવી સીસ્ટમ અંતર્ગત કરવામાં આવેલ કરાર પૈકી કોઇ પણ શરતનો ભંગ થાય, અને વીજ વિતરણ કંપની દ્વારા લેખિત નોટીસ અપાયા બાદ ૩૦ દિવસમાં સદર ભંગ થયેલ શરતની સુધારણા ન થાય તો વીજ વિતરણ કંપની ૩૦ દિવસની નોટીસ આપી સદર કરાર રદ કરી શકશે. જો ૦૭ વર્ષના સમયગાળામાં કરાર રદ કરવામાં આવે તો ગ્રાહકે સોલાર પીવી સીસ્ટમ અંતર્ગત બાકી રહેતી તમામ રકમ, લોન, સબસીડીની બાકી રહેતી રકમની ભરપાઇ કરવાની રહેશે. આ કરાર રદ થયા બાદ ગ્રાહકને સ્કાય યોજના અંતર્ગતના કોઇ પણ લાભો મળવા પાત્ર રહેશે નહી.

   c. આ કરાર રદ થયે વીજ ગ્રાહકે સોલાર પીવી સિસ્ટમને વીજ વિતરણ કંપનીની ગ્રીડ માંથી એક સપ્તાહમાં વીજ વિતરણ કંપનીની જાણ હેઠળ અલગ કરવાની રહેશે.

o) પત્ર વ્યવહારઃ આ કરાર અંતર્ગત આવરી લેવાયલ બાબતોનાં સદર્ભમાં કોઈ પણ પત્રવ્યવહાર કે માહિતીના આદાન - પ્રદાન માટે અધિકૃત કરવામાં આવેલા અધિકારી નીચે મુજબ છે.

   કાર્યપાલક ઇજનેર શ્રી,
   (સંચાલન & નિભાવ )વિભાગીય કચેરી,
   __________વીજ કંપની લિમિટેડ,
   ________________________

p) સદર કરારના અમલ દરમ્યાન ઉદ્દભવતી કોઇ મુશ્કેલી/ વિવાદ નો નિવેડો સદર કરાર અને તે શરતો મુજબ તમામ પક્ષકારોને બંધનકર્તા રહેશે.

૧) **વિવાદનિવારણ:**

આ કરારથી ઉપસ્થિત થતા તમામ વિવાદોનું બંને પક્ષકારોએ પોતાની વિવેક બુધ્ધિથી અને સામાજિક હિત જળવાઇ રહે તે રીતે વાટાઘાટોથી આંતરિક સમજૂતી દ્વારા નિવારણ કરવાનું રહેશે. જો સદર વિવાદોનું નિવારણ આંતરિક સમજૂતી દ્વારા ન થાય તો અસરકર્તા પક્ષકાર દ્વારા સદર વિવાદને સક્ષમ ફોરમ (કે જેને સદર વિવાદનું નિરાકરણ કરવાની કાયદા હેઠળ સત્તા હોય તે ફોરમ) સમક્ષ વિવાદનું નિરાકરણ લાવવાનું રહેશે.

ઉપરોકત કરારની તમામ શરતો બંને પક્ષકારોએ વાંચી/વંચાવી, સમજી, વિચારી, અક્કલ હોશીયારીથી લખી આપેલ છે જે બંને પક્ષકારોને બંધનકર્તા રહેશે અને આ શરતોના સ્વીકાર બદલ બંને પક્ષકારો દ્વારા સદર કરાર ઉપર સહી કરવામાં આવે છે.

તારીખ................................. : સ્થળ...................................:

| | |
|---|---|
| ૧. પ્રથમ પક્ષકાર (ગ્રાહક ખેડૂત )<br><br>સહી<br><br>શ્રી /શ્રીમતી<br>______________________________<br>સરનામું<br>__________________________________ | સાક્ષી<br><br>સહી<br>નામ શ્રી /શ્રીમતી.......................<br>હોદો ..............,<br>સરનામું,______________________ ,<br><br>સહી<br>નામ શ્રી/શ્રીમતી..........................<br>હોદો ..............,<br>સરનામું,______________________, |
| ૨. (બીજા પક્ષકાર)................વીજ વિતરણ કંપની વતી<br><br>સહી<br><br>નામ<br>શ્રી/શ્રીમતી...........................................<br>હોદો,<br>સરનામું,______________________ ,<br><br>સિક્કો | સાક્ષી.<br>સહી<br>નામ શ્રી /શ્રીમતી.....................................<br>સરનામું ______________________,<br><br>સહી<br>નામ શ્રી/શ્રીમતી....................<br>હોદો ..............,<br>સરનામું,______________________, |

## પરિશીષ્ટ-ક

## સ્કાય યોજના હેઠળ સ્કાય ગ્રાહકો માટે વીજળીનો હિસાબ (Energy Accounting)ની સમજ દર્શાવતું ઉદાહરણ

**(**નોંધ:-નીચે દર્શાવેલ ઉદાહરણમાં જે SKY ગ્રાહક સામે યુનિટ દર્શાવેલ છે તે બિલિંગ ગાળા દરમિયાન SKY ગ્રાહકના નેટ-મીટરમાં નોંધાયેલ વીજળીના યુનિટ છે. જે Non -SKY ગ્રાહક સામે યુનિટ દર્શાવેલ છે તે બિલિંગ ગાળા દરમિયાન Non-SKY ગ્રાહકના મીટરમાં અથવા Non -SKY ગ્રાહકના વીજ સ્થાપન ઉપર મુકેલ વોચ ડોગ ઉપકરણ મારફત મળેલ નોંધાયેલ વીજળીના યુનિટ છે. સબસ્ટેશનથી ફીડરની અંદર આવેલ વીજળી અને ફીડરે સબસ્ટેશનને મોકલેલ વીજળીના યુનિટ એ ફીડર માટે અલગથી મુખ્ય CTPT યુનિટ સિસ્ટમના Bi-Directional મીટરમાં નોંધાયેલ યુનિટ છે)

| અ. ન | વિગત | **ફીડરની અંદર મોક્લેલ (Injected) વીજળી** | **ફીડરમાંથી ખેંચેલ (drawn) વીજળી** | **Transaction ના કુલ યુનિટ** |
|---|---|---|---|---|
| (I) | (II) | (III) | (IV) | V=(III+IV) |
| ૧ | SKY ગ્રાહક-૧ | ૫૦૦ | ૨૦૦ | ૭૦૦ |
| ૨ | SKY ગ્રાહક-૨ | ૪૫૦ | ૩૫૦ | ૮૦૦ |
| 3 | SKY ગ્રાહક-3 | ૧૦૦૦ | ૩૫૦ | ૧૩૫૦ |
| ૪ | **ઉપર મુજબ SKY ગ્રાહકની Injected/ drawn વીજળી નો સરવાળો** | ૧૯૫૦ | ૯૦૦ | ૨૮૫૦ |
| ૫ | Non-SKY ગ્રાહક -૧ | - | ૧૦૦ | - |
| ૬ | Non-SKY ગ્રાહક -૨ | - | ૫૦૦ | - |
| ૭ | **ઉપર મુજબ Non-SKY ગ્રાહકની drawn વીજળી નો સરવાળો** | | ૬૦૦ | |
| ૮ | સબસ્ટેશનથી ફીડરની અંદર આવેલ વીજળી | ૨૧૦૦ | - | - |
| ૯ | ફીડરે સબસ્ટેશનને મોકલેલ વીજળી | - | ૧૮૦૦ | - |
| **(A)** | **ફીડરની અંદર મોક્લેલ (Injected) વીજળી (A)** | **૪૦૫૦ (૪ +૮)** | - | - |
| **(B)** | **ફીડરમાંથી ખેંચેલ (drawn) વીજળી (B)** | - | **૩૩૦૦ (૪+૭+૯)** | - |

| | |
|---|---|
| **(C) સ્કાય ફીડરમાં થયેલ વીજઘટ (Unit Loss)** | = (A) - (B)<br>= ૪૦૫૦ – ૩૩૦૦<br>**=૭૫૦ યુનિટ** |
| **(D) વીજ કંપનીએ વીજ-ઘટ પેટે ભોગવવાના થતાં ૫% (પાંચ ટકા) સમકક્ષ યુનિટ** (ફીડરની અંદર મોકલેલ( injected) વીજળી ના ૫ % સમકક્ષ યુનિટ) | =(A) x ૫%<br>= ૪૦૫૦ x ૫%<br>**=૨૦૨.૫ યુનિટ** |
| **(E) ૫% થી ઉપરના વીજ ઘટના યુનિટ** | = (C) – (D)<br>= ૭૫૦ – ૨૦૨.૫<br>**= ૫૪૭.૫ યુનિટ** |

**નોંધ:** ઉપરોક્ત (C) માં ગણેલ વીજ ઘટના યુનિટ જો ફીડરની અંદર મોકલેલ વીજળીના ૫% (ઉપરોક્ત (D) માં ગણેલ યુનિટ) કે તેથી ઓછા હશેતો તેવા કિસ્સામાં વીજ ઘટના યુનિટ સ્કાય ગ્રાહકો ઉપર ફાળવવામાં નહીં આવે.
જો ઉપરોક્ત (C) માં ગણેલ વીજ ઘટના યુનિટ ફીડરની અંદર મોકલેલ વીજળીના 5% (ઉપરોક્ત (D)માં ગણેલ યુનિટ) થી વધુ હશે તો આ ૫% થી ઉપરના વીજ ઘટના યુનિટ (ઉપરોક્ત (E) માં ગણેલ યુનિટ) સ્કાય ગ્રાહકો વચ્ચે તેમણે ફીડરમાં મોકલેલ (injected) તથા ફીડરમાંથી ખેંચેલ (drawn) એમ કુલ વીજળીના વરાળે ભાગે પડતાં ફાળવવામાંઆવશે.

(F) ઉપરોક્ત (E) માં આવેલ ૫% થી ઉપરના વીજ ઘટના યુનિટની સ્કાય ગ્રાહકો વચ્ચે તેમણે ફીડરમાં મોકલેલ (injected) તથા ફીડરમાંથી ખેંચેલ (drawn)વીજળીના વરાળે ભાગે પડતાં **યુનિટની ફાળવણીની ગણતરી**

| અ. ન | SKY ગ્રાહક | સ્કાય ગ્રાહકો વચ્ચે તેમણે ફીડરમાં મોકલેલ (injected) વીજળીના વરાળે ભાગેપડતા **ફાળવેલ વીજઘટ ના યુનિટ** | સ્કાય ગ્રાહકો વચ્ચે તેમણે ફીડરમાંથી ખેંચેલ (drawn)વીજળીના વરાળે ભાગેપડતા **ફાળવેલ વીજઘટ ના યુનિટ** |
|---|---|---|---|
| ૧ | SKY ગ્રાહક-૧ | ૫૦૦ x ૫૪૭.૫/૨૮૫૦ = ૯૬.૦૫ | ૨૦૦ x ૫૪૭.૫/૨૮૫૦ = ૩૮.૪૨ |
| ૨ | SKY ગ્રાહક-૨ | ૪૫૦ x ૫૪૭.૫/૨૮૫૦ = ૮૬.૪૫ | ૩૫૦ x ૫૪૭.૫/૨૮૫૦ = ૬૭.૨૪ |
| 3 | SKY ગ્રાહક-3 | ૧૦૦૦ x ૫૪૭.૫/૨૮૫૦ = ૧૯૨.૧૧ | ૩૫૦ x ૫૪૭.૫/૨૮૫૦ = ૬૭.૨૪ |

**(G) સ્કાય ગ્રાહકોને વીજઘટની ઉપરમુજબ ફાળવણી બાદની સ્કાય ગ્રાહકો દ્વારા ફીડરની અંદર** ચોખ્ખાં મોકલેલ યુનિટ (net-injection) **/** ચોખ્ખાં ખેંચેલ યુનિટ ( net-drawl) **વીજળી ની ગણતરી**

| અ. ન | SKY ગ્રાહક | ફીડરની અંદર મોક્લેલ (Injected) વીજળીમાંથી વીજ ઘટના ફાળવેલ યુનિટ બાદ કર્યા પછીના યુનિટ | **ફીડરમાંથી ખેંચેલ** (drawn) વીજળીમાં વીજ ઘટના ફાળવેલ યુનિટને ઉમેરો કર્યા પછીના યુનિટ | ચોખ્ખા મોક્લેલ યુનિટ (Net-Injected) **(+)** **/** ચોખ્ખા ખેંચેલ યુનિટ(Net drawn) **(-)** |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (3) | (૪) | (૫) = (3) – (૪) |
| ૧ | SKY ગ્રાહક-૧ | ૫૦૦- ૯૬.૦૫ =૪૦3.૯૫ | ૨૦૦ + ૩૮.૪૨ = ૨૩૮.૪૨ | ૧૬૫.૫3 |
| ૨ | SKY ગ્રાહક-૨ | ૪૫૦-૮૬.૪૫ =3૬3.૫૫ | ૩૫૦ + ૬૭.૨૪ = ૪૧૭.૨૪ | -૫3.૬૮ |
| 3 | SKY ગ્રાહક-3 | ૧૦૦૦-૧૯૨.૧૧ = ૮૦૭.૮૯ | ૩૫૦+૬૭.૨૪= ૪૧૭.૨૪ | 3૯૦.૬૬ |

**નોંધ**: જો કોલમ: (૫)નું મૂલ્ય પોઝીટીવ (+) હોય તો જે તે ગ્રાહક દ્વારા **ચોખ્ખા મોક્લેલ (Net-Injected) યુનિટ** તરીકે ગણાશે અને જો કોલમ: (૫)નું મૂલ્ય નેગેટીવ (-) હોય તો જે તે ગ્રાહક દ્વારા **ચોખ્ખા ખેંચેલ (Net drawn) યુનિટ** તરીકે ગણવામાં આવશે.

| **(H) નાણાકીય વર્ષાન્તે ચોખ્ખાં મોકલેલ યુનિટ અને ચોખ્ખાં ખેંચેલ યુનિટ નો હિસાબ** | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અ.ન | SKY ગ્રાહક | ઉદાહરણ તરીકે ચાલુ બિલિંગ સાઇકલ દરમિયાન અને પછીની બિલિંગ સાયકલમાં આગળ ખેંચેલ યુનિટની ગણતરી સાથે વર્ષાન્તે ચોખ્ખા મોક્લેલ યુનિટ(Net injected) (+) / ખેંચેલ યુનિટ (Net Drawn) (-) ની ગણતરી | | | | | | |
| | | વિગત | પહેલી બિલિંગ સાઇકલ (Apr-May) | બીજી બિલિંગ સાઇકલ (Jun-Jul) | ત્રીજી બિલિંગ સાઇકલ (Aug-Sep) | ચોથી બિલિંગ સાઇકલ (Oct-Nov) | પાંચમી બિલિંગ સાઇકલ (Dec-Jan) | છઠ્ઠી બિલિંગ સાઇકલ (Feb-Mar) |
| ૧ | SKY ગ્રાહક-૧ | ગઈ બિલિંગ સાયકલના આગળ ખેંચેલ યુનિટ (+/-) | ૦ | ૧૯૭૬ | ૩૫૧૫ | ૩૬૮૦ | ૪૨૬૬ | ૪૮૦૫ |
| | | ચાલુ બિલિંગ સાઇકલ દરમિયાનના યુનિટ (+/-) | ૧૯૭૬ | ૧૫૩૮ | ૧૬૬ | ૫૮૫ | ૫૪૦ | ૧૧૯૬ |
| | | આ બિલિંગ સાયકલ અંતે ચોખ્ખા વધેલ યુનિટ (+/-) | ૧૯૭૬ | ૩૫૧૫ | ૩૬૮૦ | ૪૨૬૬ | ૪૮૦૫ | **૬૦૦૧** |
| ૨ | SKY ગ્રાહક-૨ | ગઈ બિલિંગ સાયકલના આગળ ખેંચેલ યુનિટ (+/-) | ૦ | ૨૯૬૫ | ૫૨૭૨ | ૫૨૧૮ | ૬૦૯૬ | ૬૯૦૬ |
| | | ચાલુ બિલિંગ સાઇકલ દરમિયાનના યુનિટ (+/-) | ૨૯૬૫ | ૨૩૦૮ | -૫૪ | ૮૭૮ | ૮૧૦ | ૧૭૯૪ |
| | | આ બિલિંગ સાયકલ અંતે ચોખ્ખા વધેલ યુનિટ (+/-) | ૨૯૬૫ | ૫૨૭૨ | ૫૨૧૮ | ૬૦૯૬ | ૬૯૦૬ | **૮૭૦૦** |
| 3 | SKY ગ્રાહક-3 | ગઈ બિલિંગ સાયકલના આગળ ખેંચેલ યુનિટ (+/-) | ૦ | ૩૯૫૩ | ૭૦૩૦ | ૭૪૨૦ | ૮૫૯૧ | ૯૬૭૦ |
| | | ચાલુ બિલિંગ સાઇકલ દરમિયાનના યુનિટ (+/-) | ૩૯૫૩ | ૩૦૭૭ | ૩૯૧ | ૧૧૭૧ | ૧૦૮૦ | ૨૩૯૧ |
| | | આ બિલિંગ સાયકલ અંતે ચોખ્ખા વધેલ યુનિટ (+/-) | ૩૯૫૩ | ૭૦૩૦ | ૭૪૨૦ | ૮૫૯૧ | ૯૬૭૦ | **૧૨૦૬૨** |

નોંધ:- ઉપરોક્ત નાણાકીય વર્ષાન્તે (એટલે કે છઠ્ઠી બિલિંગ સાઇકલ ના અંતે) જો ચોખ્ખાં મોકલેલ યુનિટ ( net-injection)હોય તો તેને સ્કાય ગ્રાહકને જમા પાત્ર તરીક ગણાશે અને જો ચોખ્ખાં ખેંચેલ યુનિટ ( net-drawl) હોય તો તેને સ્કાય ગ્રાહક પાસેથી વસૂલવા પાત્ર ગણાશે

**ઉપરોક્ત ગણતરી મુજબ** નાણાકીય વર્ષાન્તે ચોખ્ખાં મોકલેલ યુનિટ ( net-injection) સ્કાય ગ્રાહકને ચુકવવા પાત્ર- **'EBI મળવા પાત્ર યુનિટ' અને 'વિતરણ કંપની દ્વારા ખરીદવા પાત્ર યુનિટ'** નીચે મુજબ ગણાશે.

| અ. ન. | SKY ગ્રાહક | કરારીત વીજભાર (Contracted load in HP) | મળવાપાત્ર સોલાર સિસ્ટમ ની ક્ષમતા (KW -AC ) | **EBI ચૂકવવાની મર્યાદા** (કી.વો. (KW) દીઠ ૧૦૦૦ યુનિટની વાર્ષિક મર્યાદામાં) | **હકીકતમાં EBI મળવા પાત્ર યુનિટ** | **વિતરણ કંપની દ્વારા ખરીદવા પાત્ર યુનિટ** |
|---|---|---|---|---|---|---|
| ૧ | SKY ગ્રાહક-૧ | ૫ | ૬ | ૬૦૦૦ | **૬૦૦૦** | **૬૦૦૧** |
| ૨ | SKY ગ્રાહક-૨ | ૭.૫ | ૯ | ૯૦૦૦ | **૮૭૦૦** | **૮૭૦૦** |
| 3 | SKY ગ્રાહક-3 | ૧૦ | ૧૨ | ૧૨૦૦૦ | **૧૨૦૦૦** | **૧૨૦૬૨** |

***